નં.ડીએમ/ઘરઘાટી/૨૩૯૭૨(૨)/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા. ૧૦/૧૧/૨૦૨૩

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ

પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અનુસાર હાલના પ્રવર્તમાન સંજોગોમાં અનેક ઘર માલિકો પોતાના ઘરે ઘરકામ માટે ઘરઘાટીઓ રાખે છે. મોટા ભાગે આવા ઘરઘાટીઓ પરપ્રાંત તથા બીજા જિલ્લાના હોય છે. તેઓ અવાર–નવાર જે જગ્યાએ કામ કરે છે તે જગ્યાએ અગર આજુ બાજુમાં રહેતા લોકોના ઘરમાં અને ધંધાના સ્થળે જઈ ચોરી, લુંટ, ગંભીર પ્રકારના હુમલા કરી લોકોની જીંદગીની ખુંવારી થાય અથવા લોકોની સંપતિને નુકશાન થાય તેવુ કૃત્ય કરે છે. આવા ઘરઘાટીઓ ગંભીર પ્રકારના ગુન્હા કરી નાસી જાય છે. ઘરઘાટીને નોકરીએ રાખનાર માલિક પાસે આવા ઘરઘાટીના ટુંકા નામ સિવાય વિશેષ કોઈ માહિતી હોતી નથી, જેને કારણે આવા ગુન્હેગાર ઘરઘાટીઓને પકડવાનું અને ગુન્હો શોધવાનું મુશ્કેલ બને છે. તેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોની જીંદગીની અને સંપતિની સલામતિ જળવાઈ રહે તે માટે પરપ્રાંત તથા બીજા જિલ્લાના લોકોને ઘરઘાટી તરીકે રાખતા માલિકો ઉપર નિયંત્રણ મુકવા અંગેની પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

તેથી હું, **ભાવેશ એન. ખેર,** જી.એ.એસ, **અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,** જામનગર, જિલ્લોઃ જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ તળે મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છુ કે, જામનગર જિલ્લામાં કોઈપણ વ્યકિત પોતાના ઘરમાં પરપ્રાંતના તથા બીજા જિલ્લાના હોય તેવા વ્યકિતને કામ માટે રાખે ત્યારે તેણે નીચે જણાવેલ નમુના મુજબના ફોર્મમાં જરૂરી વિગતો અને આધારો સબંધિત પોલીસ સ્ટેશનને રૂબરૂમાં અગર તો ટપાલથી મોકલી આપવાના રહેશે.

<u>ઘરઘાટી તરીકે રાખેલ પરપ્રાંતના વ્યકિતની માહિતિ</u>

| ક્રમ | મુદો |
|---|---|
| ૧ | ઘરઘાટીનું પુરૂ નામ, સરનામું, ઉંમર, (ફોટો આઈ.ડી. પ્રુફની નકલ સાથે) |
| ૨ | ઘરઘાટીનું હાલનું રહેણાંકનું સરનામુ તથા મોબાઈલ નંબર / સંપર્ક નંબર |
| ૩ | તેની સાથે બીજા માણસો રહેતા હોય તો તેના નામ–સરનામા |
| ૪ | જેના ઘરે ઘરઘાટી કામ કરતા હોય તે માલીકનું નામ–સરનામુ |
| ૫ | કોઈ મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ–સરનામુ |
| ૬ | અગાઉ ઘરઘાટી તરીકે કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનુ નામ–સરનામુ |
| ૭ | સ્થાનિકમાં ઘરઘાટીના ઓળખીતા રહેતા હોય તો તેના નામ–સરનામા, ફોન નંબર |
| ૮ | ઘરઘાટીના વતનનું પુરૂ સરનામુ, પોલીસ સ્ટેશન તથા વતનમાં રહેતા માતા, પિતા, ભાઈ, બહેનની વિગત |
| ૯ | પરણિત હોય તો પત્ની/પતિનું તથા સસરાનું સરનામુ |
| ૧૦ | ઘરઘાટીની ઉંચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ તથા ઓળખી શકાય તેવી શારીરીક કોઈ નિશાની પૈકી શકય હોય તેટલી વિગતો આપવી |

ઘરઘાટીનો
તાજેતરનો ફોટો

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર આઈ.પી.સી.કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૦/૧૧/૨૦૨૩ થી તા.૦૮/૦૧/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાની જાહેર જનતાને પુરતી જાણકારી મળી રહે તે માટે તેની અખબારમાં બહોળી પ્રસિધ્ધી કરવી અને જે તે પોલીસ સ્ટેશનના અધિકારીએ પણ લોકોને જાણકારી મળી રહે તેવી કાર્યવાહી કરવી.

આજ તા. **૧૦** માહે : નવેમ્બર – ૨૦૨૩ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

<u>નકલ રવાના :–</u>

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
...આપના તાબાના તમામ પોલીસ સ્ટેશનને આ બાબતે વાકેફ કરવા વિનંતી.
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
૩. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.
૪. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર
૫. નાયબ પોલીસ અધિક્ષક, જામનગર(શહેર)/(ગ્રામ્ય)
૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર
૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ
૮. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...સદરહુ જાહેરનામાની ૨(બે) નકલો સામેલ છે. જે જાહેરનામું સરકારી અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.
૯. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.
૧૦. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર
..... ઉકત જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૧૧. સિલેકટ ફાઈલે

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર
૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
...જાણ થવા વિનંતી સહ.